પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૬૭ | ૧૮ મે, ૨૦૧૯, શનિવાર; વૈશાખ સુદ-૧૫ | પાના - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં ચૂંટણી પ્રચારનો શોરબકોર બંધ

**અંતિમ તબક્કામાં ૫૯ સીટ પર ૧૯મી મેના દિવસે મતદાન યોજાશે : અંતિમ ચરણના મતદાન બાદ જુદી જુદી ચેનલ દ્વારા તરત જ એક્ઝિટ પોલના તારણ જારી થશે જેમાં પરિણામોના સંકેત મળશે : ૯૧૮ ઉમેદવારો મેદાનમાં**







નવી દિલ્હી,તા. ૧૭

લોકસભાની ચૂંટણીના સાતમાં અને અંતિમ તબક્કા માટે ચૂંટણી પ્રચારનો આજે અંત આવ્યો હતો. હવે આઠ રાજ્યોને આવરી લેતી ૫૯ સીટ પર ૧૯મી મેના દિવસે મતદાન થશે. મતદાનને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. સાતમાં અને અંતિમ તબક્કાના મતદાન બાદ એક્ઝિટ પોલના તારણ પણ જારી કરવામાં આવશે. ૧૯મી મેના દિવસે મતદાન પૂર્ણ થયા બાદ તરત જ જુદી જુદી ચેનલોના એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવનાર છે જેના આધાર પર કોની સરકાર રચાશે તેને લઈને ચિત્ર સ્પષ્ટ થશે. જ્યારે મતગણતરીની પ્રક્રિયા ૨૩મી મેના દિવસે હાથ ધરવામાં આવનાર છે. અંતિમ તબક્કામાં મતદાન દરમિયાન અગાઉના તબક્કાની જેમ શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા માટે પંચે તમામ તૈયારી કરી લીધી છે. આજે પ્રચારના અંતિમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ સહિત તમામ રાજકીય પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી હતી. સાતમાં તબક્કામાં કુલ ૯૧૮ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. જેમાં ૯૬ મહિલા ઉમેદવારો પણ રહેલી છે. જુદા જુદા પક્ષોની વાત કરવામાં આવે તો સાતમા તબક્કાની ચૂંટણીમાં ૧૬૩ ઉમેદવાર રાષ્ટ્રીય રાજકીય પક્ષોના રહેલા છે. જ્યારે ૬૯ ઉમેદવારો રાજ્ય સ્તરના પક્ષોના છે. આવી જ રીતે આ તબક્કામાં ૩૭૨ ઉમેદવારો નોંધાયેલા બિન માન્યતાપ્રાપ્ત પક્ષોના પણ છે. જ્યારે અપક્ષ તરીકે ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવારોની સંખ્યા ૩૧૫ નોંધાઈ છે. છેલ્લા તબક્કાની ચૂંટણીમાં શિરોમણી અકાળી દળના સુખબીર સિંહ બાદલની સંપત્તિ ૨૧૭ કરોડની નોંધાઈ છે. આવી જ રીતે પંજાબના ભટિન્ડા બેઠક પરથી ઉમેદવાર હરસિમરતકૌરની સંપત્તિ પણ ૨૧૭ કરોડની નોંધાઈ છે. આ તબક્કાની ચૂંટણીની વાત કરવામાં આવે તો જે અપક્ષ ઉમેદવારો આ વખતે ચૂંટણી મેદાનમાં છે તેમની સંપત્તિ પૈકી વધારે સંપત્તિ નોંધાઈ છે. ૩૧૩ અપક્ષ ઉમેદવારો પૈકી ૫૯ અપક્ષ ઉમેદવારો કરોડપતિ નોંધાયા છે. આ તબક્કામાં સૌથી અમીર ઉમેદવારોની વાત કરવામાં આવે તો અપક્ષ ઉમેદવાર બિહારના પાટલીપુત્રના રમેશ કુમાર શર્માની સંપત્તિ ૧૧૦૭ કરોડ નોંધાઈ છે. મતદાનને લઈને પ્રચારની પ્રક્રિયા જોરદાર રીતે ચાલી રહી છે. મતદાનના ૪૮ કલાક પહેલા સુધી ચૂંટણી પ્રચાર જારી રહેશે. બિહારના પાટલીપુત્ર બેઠક પરથી રમેંશ કુમાર શર્માની સંપત્તિ સૌથી વધારે છે. કરોડોની સંપત્તિ પણ મોટી સંખ્યામાં ઉમેદવારો ધરાવે છે.

## ભાજપ ૩૦૦થી વધુ બેઠકો મેળવશે : અમિત શાહ

**મોદીની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું : રાફેલમાં એક પૈસાનોય ભ્રષ્ટાચાર નથી**

નવીદિલ્હી, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ભાજપ હેડક્વાર્ટર ખાતે પક્ષ પ્રમુખ અમિત શાહની સાથે પ્રથમ વખત પત્રકાર પરિષદ યોજી હતી. પ્રથમ વખતની આ ઐતિહાસિક પત્રકાર પરિષદમાં ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે, તેમની સરકાર સંપૂર્ણ બહુમતિ સાથે સત્તામાં પરત આવનાર છે. મોદીએ કહ્યું હતું કે, મધ્યપ્રદેશમાં ચૂંટણી પ્રચાર કરીને તેઓ સીધીરીતે પત્રકારોને મળવા માટે અહીં પહોંચ્યા છે.



● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### કોલકતામાં ફરી હિંસા : ગાડી પર હુમલો

પશ્ચિમ બંગાળમાં સતત હિંસા ચાલુ છે. નગરબાગ વિસ્તારમાં ભાજપના ઉમેદવાર સમિક ભટ્ટાચાર્ય અને પાર્ટીનેતા મુકુલ રોયની ગાડી પર અજાણ્યા લોકોએ હુમલો કરી દીધો હતો. જોકે ગાડીમાં બંને નેતાઓ હાજર ન હતા. સાતમા તબક્કા માટે અહીં ૧૯મીએ મતદાન યોજાશે.

### શારદા ચીટ ફંડ મામલે રાજીવકુમારની મુશ્કેલીઓ વધી

કોલકતાના પૂર્વ પોલીસ આયુક્ત રાજીવકુમારની મુશ્કેલીઓ વધી રહી છે. સુપ્રિમ કોર્ટે તેમની ધરપકડ પર લગાવાયેલી રોક હટાવી દીધી છે. શારદા ચીટફંડ મામલે તેમના પર કઠિત રૂપે સબૂત મિટાવવાનો આરોપ છે.

## એનડીએમાં વધુ ઘટક લાવવા નીતિશને સત્તા

નવદિલ્હી, તા. ૧૭

ચૂંટણી પરિણામો આવે તે પહેલા નવી સરકારની રચનાને લઈને હવે કવાયત શરૂ કરી દેવામાં આવી છે. કોંગ્રેસની સાથે સાથે ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ બેઠકોની શરૂઆત કરી દેવામાં આવી છે. એનડીએ પણ આ સ્પર્ધામાં પાછળ નથી. સુત્રોના કહેવા મુજબ એનડીએ તરફથી બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારને બીજા પક્ષોની સાથે લાવવા માટે સંપર્ક કરવામાં આવી રહ્યા છે. નીતિશકુમારને મોટી જવાબદારી સોંપવામાં આવી છે. ઓરિસ્સાને ખાસ રાજ્યનો દરજ્જો આપવા માટેની માંગ ટેકો આપવા નીતિશકુમાર સંકેત આપી ચુક્યા છે. આંધ્રપ્રદેશના વાયએસઆર કોંગ્રેસના નેતા જગન રેડ્ડીની સાથે પણ સંપર્કમાં છે. નવીન પટનાયક અને જગન મોહનરેડ્ડી બંને પોતાના વિકલ્પ ખુલ્લા રાખી રહ્યા છે.

## ગાંધીજીને પાક રાષ્ટ્રપતિ ગણાવનારની હકાલપટ્ટી

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને તેમના હત્યારા નાથુરામ ગોડસેને લઈને ભાજપ નેતાઓની સતત ટિપ્પણીના મામલામાં પાર્ટી હવે પીછેહઠ કરવાનો નિર્ણય કર્યો છે. સાથે સાથે પાર્ટીએ નાથુરામ ગોડસે અંગે નિવેદન કરનારાઓની નિંદા કરી છે. ભાજપે કઠોર નિર્ણય કરીને મહાત્મા ગાંધીને પાકિસ્તાનના રાષ્ટ્રપિતા દર્શાવનાર મધ્યપ્રદેશના પાર્ટી પ્રવક્તા અનિલ સૌમિત્રની હકાલપટ્ટી કરી દીધી છે.

## વિપક્ષી એકતા માટે સોનિયાએ ૨૩મીએ ખાસ બેઠક બોલાવી

**ચૂંટણી પરિણામ આવે તે પહેલા કોંગ્રેસ વધુ સક્રિય : વિપક્ષમાં સોનિયા ગાંધીની સર્વમાન્ય છાપ હોવાથી મોટી જવાબદારી સંભાળી : મોદીને કોઇ પણ કિંમતે અટકાવાશે**

નવી દિલ્હી,તા. ૧૭

લોકસભાની ચૂંટણીના પરિણામ આવે તે પહેલા જ વિપક્ષી એકતા માટેના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. પરિણામ આવે તે પહેલા જ વિપક્ષી એકતાના પ્રયાસને સફળ બનાવવા માટે યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી દ્વારા ૨૩મી મેના દિવસે મહત્વપૂર્ણ બેઠખ બોલાવી છે. કોંગ્રેસ પાર્ટીએ પહેલા ૨૧મી મેના દિવસે બેઠક કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે હવે આ બેઠક ૨૩મી મેના દિવસે યોજવામાં આવે તે અંગેનો નિર્ણય કરવામાં આવ્યો છે. આના માટે સોનિયા ગાંધી પોતે સક્રિય થયા છે. વિપક્ષી નેતાઓને બેઠક માટે આમંત્રણ આપવામાં આવ્યુ છે. બિન એનડીએ પક્ષોમાં સોનિયા ગાંધીની છાપ સર્વમાન્ય તરીકે રહી છે. વિપક્ષી એકતાને લઈને જોરદાર પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. બેઠક માટે યુપીએના વર્તમાન ઘટકો ઉપરાંત ત્રીજા મોરચના ઘટક ગણાતા રાજકીય પક્ષોના નેતાઓને પણ આમંત્રણ આપવામાં આવ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહની કાર્યપદ્ધિતીને પણ આના માટે જવાબદાર ગણવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં મોદી અને શાહની રણનિતી રહી છે કે આગામી રણનતીમાં આ લોકો તરત જ વ્યસ્ત થઈ જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## વિવિધ મંત્રાલય તેમજ વિભાગોમાં ખાલી જગ્યાઓ ભરવા તૈયારી

**મોદી સરકાર સરકારી હોદ્દા પર નિમણૂંક કરી રહી નથી તેવા આરોપો બાદ પીએમઓ દ્વારા વિગત આપવા આદેશ**

નવી દિલ્હી,તા. ૧૭

રોજગારને લઈને પણ મોદી સરકાર હવે ગંભીરતાપૂર્વક આગળ વધવા માટે સક્રિય દેખાઈ રહી છે. જેના સંકેત પણ મળી રહ્યા છે. હાલના સમયમાં કેન્દ્ર સરકારના કર્મચારી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઓફિસ તરફથી મળેલા નિર્દેશ બાદ જુદા જુદા મંત્રાલય અને વિભાગોમાં ખાલી જગ્યાઓને લઈને માહિત એકત્રિત કરી રહ્યા છે. મંત્રાલય અને વિભાગો પાસેથી માહિતી મળવા લાગી ગઈ છે. રોજગારને લઈને વિરોધ પક્ષોનો આરોપ રહ્યો છે કે મોદી સરકાર રોજગારના મોરચે

● અનુસંધાન પાન-૭ પર

## શ્રીનગર એરબેઝ પર ભીષણ આતંકવાદી હુમલાની દહેશત

**અવંતિપુરા એરબેઝ ખાતે પણ સઘન સુરક્ષા : સુરક્ષા સંસ્થાઓ તરફથી એલર્ટ મળ્યા બાદ તમામ જગ્યા ઉપર સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી**

શ્રીનગર,તા. ૧૭

જમ્મુકાશ્મીરના શ્રીનગર અને અવંતીપોરામાં ત્રાસવાદી હુમલાને લઈને સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવામાં આવી છે. શ્રીનગર, અવંતીપુરા એરબેઝ ઉપર આતંકવાદી હુમલા અંગે એલર્ટ મળ્યા બાદ કોઈપણ તક લેવા માટે તંત્ર તૈયાર નથી. આના ભાગરુપે શક્ય તેટલા તમામ પગલા લેવાઈ રહ્યા છે. આતંકવાદીઓ સામે અસરકારક કાર્યવાહી ચાલી રહી છે. એલર્ટ જાહેર કરવામાં આવ્યા બાદ સુરક્ષા મજબુત કરવામાં આવી રહી છે. સરકારી સુત્રોના કહેવા મુજબ ત્રાસવાદીઓ શ્રીનગર અને અવંતીપોરા એરબેઝ ખાતે હુમલા કરી શકે છે. સુચનાના કારણે સુરક્ષા સંસ્થાઓને હાઈ એલર્ટ પર છે. એરબેઝ ખાતે સુરક્ષા મજબુત કરવામાં આવી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. લોકસભા ચૂંટણીને લઈને ધ્યાનમાં લઈને દેશભરમાં સુરક્ષા વ્યવસ્થા પહેલાથી જ મજબુત છે. શોપિયામાં ગઈકાલે થયેલા ત્રાસવાદી હુમલા બાદ ઈન્ટેલિજન્સ એજન્સીઓ પૂર્ણ રીતે એલર્ટ છે. એરબેઝની સુરક્ષા મજબુત કરવામાં આવ્યા બાદ તકેદારી વધારી દેવામાં આવી છે. હાલમાં સન્જુવાન સૈન્ય કેમ્પ પર હુમલો કરવામાં આવ્યો હતો. ત્યાથી પણ એક શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. શોપિયા જિલ્લામાં ગુરૂવારના દિવસે પણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં બે ત્રાસવાદીઓ ઠાર થય હતા. એક જવાન પણ શહીદ થયો હતો. જમ્મુ કાશ્મીરમાં કોઈ પણ કિંમતે ત્રાસવાદીઓ તેમની હાજરી પુરવાર કરવા માટે ઈચ્છુક છે.




SWIGGY FOOD DELIVERY APP

જોઈએ છે કલોલ માટે ફુડ ડીલીવરી બોય

પાર્ટ ટાઈમ/ફુલ ટાઈમ તથા શનિવાર - રવિવાર માટે

મહીને 15,000/-થી 20,000/-કમાવો + ઈન્સેન્ટીવ + ઈન્સ્યોરન્સ

અરજી સાથે રૂબરૂ મળો સવારે:૯.૦૦ થી સાંજે: ૪.૦૦ સુધી

205 - 206, 2nd Floor, Sarthik 2, Opp Rajpathclub, S.G. Highway, Ahmedabad • Cont.: 07933685265

ROOPKALA The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ભાડે કે વેચાણથી આપવાની છે

સેક્ટર-૧૬માં પ્રથમ માળે પ્લોટ નં. ૩૨૮ અને ૩૨૯ વેચાણથી કે ભાડેથી આપવાની છે.

સંપર્ક : રૂબરૂ સ્થળ પર

કૈલાસ માનસરોવર યાત્રા

R K VACATIONS PVT. LTD.

079-40 40 35 35 | 61 61 35 35



Once a GITian, always an Achiever.

ASSOCHAM Award — Best Engineering College for providing BEST PLACEMENT to the students

94.3 MY FM Award — For Excellence in FACULTY (Engineering & Tech.)

GTU Award — For Creating Student Innovation & Start-up ECOSYSTEM ON CAMPUS

Join GIT BE • ME • MBA

COUNSELLING CENTRES

NAVRANGPURA : Rohera Arcade, Nr. Navrangpura Police Station
NAVA VADAJ : Excellence Academy, 404, Dreams Square, Nr. Nirnaynagar Under Bridge
GHODASAR : Shree Muktajivan Vidhya Mandir, Canal Road
KALOL : Sharda Classes, At. Sharda Circle, Kalol
BAPUNAGAR : IES CLASS: A-401, Pushkar Complex, Nr. Star Hospital, Shyam-Shikhar to D'mart Road
VASTRAPUR : The Gate Academy, 101, Sunrise Mall, Above Gwalia Sweet
S.G. HIGHWAY : 503, Iscon Elegance, B/s. Shapath 5, Nr. Prahlad Nagar Garden
GIT : Khatraj-Kalol Road, Moti Bhoyan, Kalol, Gandhinagar

GANDHINAGAR INSTITUTE OF TECHNOLOGY
"WHERE SUCCESS IS A TRADITION"

Khatraj-Kalol Road, Moti Bhoyan, Kalol, Gandhinagar.
9904405900, 9904405901 www.git.org.in
director@git.org.in, admission@git.org.in